# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દિલ્હી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરીને રાજ્યના સર્વાંગી વિકાસની ચર્ચા કરી.**
2. **રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે ગુજરાતના ભાવનગર અને અયોધ્યા કેન્ટ વચ્ચે સાપ્તાહિક ટ્રેનને લીલી ઝંડી આપશે.**
3. **દેશની સાથે સાથે આજે રાજ્યના 18 શહેરોના 60 કેન્દ્ર પર મેડિકલ પ્રવેશ માટે NEET PGની પરીક્ષા.**
4. **અંગદાન પ્રત્યેની જાગૃતિના સંદેશ સાથે આજે રાષ્ટ્રીય અંગદાન દિવસની ઉજવણી.**
5. **રાજ્યમાં આગામી 6 દિવસ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM MEET PM

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. દિલ્હી ખાતે યોજાયેલી આ બેઠકમાં ગુજરાતના સર્વાંગીણ વિકાસના વિવિધ આયામો અંગે તેમની સાથે ચર્ચા કરી.

રાજ્યમાં ઉદ્યોગ તેમજ સામાજિક ક્ષેત્રના વિકાસ માટે તેઓના બહુમૂલ્ય સૂચનો મેળવ્યા. પ્રધાનમંત્રીએ પ્રત્યેક કલ્યાણકારી યોજનામાં સામાન્ય માનવીના હિતને સર્વોચ્ચ પ્રાધાન્ય આપ્યું છે.

“સેચ્યુરેશન” ના અભિગમ સાથે છેવાડાના પ્રત્યેક લાભાર્થી સુધી કેન્દ્ર અને રાજ્યની યોજનાઓના લાભ ઝડપથી પહોંચાડી શકાય તે અંગે તેઓનું માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હોવાનું સોશિયલ મીડિયાના માધ્યમ દ્વારા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

---

# GUJ--ASHWINI-VAISHNAW

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે ગુજરાતના ભાવનગર અને અયોધ્યા કેન્ટ વચ્ચે સાપ્તાહિક ટ્રેનને લીલી ઝંડી આપશે. આ ટ્રેનમાં સેકન્ડ ક્લાસ , સ્લીપર, થર્ડ એસી, થર્ડ એસી ઇકોનોમી અને સેકન્ડ એસી કોચ હશે. આ ટ્રેન બોટાદ , લીંબડી, વિરમગામ સહિતના સ્ટેશને ઉભી રહેશે મુસાફરો આજથી પેસેન્જર રિઝર્વેશન સેન્ટરો અને **I.R.C.T.C** વેબસાઇટ પરથી બુકિંગ કરાવી શકશે.

આ સાથે જ શ્રી વૈષ્ણવ રીવા અને પુણે , જબલપુર અને રાયપુર વચ્ચેની ટ્રેનોને વર્ચ્યુઅલી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવશે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર

પટેલ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ અને છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈ , કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને નીમુ બેન બાંભણિયા પણ આ કાર્યક્રમમાં જોડાશે. શ્રી વૈષ્ણવ ગુજરાતના એક દિવસના પ્રવાસે છે..

---

# MAHESANA RUSHIKESH PATEL

મહેસાણા જિલ્લાના ખેરવા ખાતે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાનો " પી.એમ. કિસાન ઉત્સવ દિવસ" કાર્યક્રમ યોજાયો હતો. પી.એમ. કિસાન સન્માન નિધિ યોજનાનો **20**મો હપ્તો ચૂકવાયો હતો. જેમાં મહેસાણા જિલ્લાના બે લાખ **55** હજાર **989** ખેડૂતોને **51** કરોડ **19** લાખ રૂપિયાની સહાય સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવી હતી.

આ પ્રસંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અનેકવિધ કૃષિ કલ્યાણકારી યોજનાઓનો લાભ ખેડૂતોને મળ્યો છે.

## બાઇટ- ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી

---

# NEET PG

મેડિકલ પ્રવેશ માટે **NEET PG** પરીક્ષા આજે દેશભરના ઘણા કેન્દ્રો પર યોજાશે. જેમાં ગુજરાતના 18 શહેરોના 60 કેન્દ્ર પર 13 હજાર 915 ઉમેદવાર સહિત દેશના લગભગ અઢી લાખ ઉમેદવારો સવારે 9 થી બપોરે સાડા બાર વાગ્યા સુધી

**એક જ સેશનમાં પરીક્ષા આપશે. આ પરીક્ષા કમ્પ્યુટર આધારિત છે. ઉમેદવારોએ તમામ ફરજિયાત દસ્તાવેજો પોતાની સાથે રાખવા જરૂરી છે.**

---

# DEPLOMA - DEGREE

**ધોરણ 12 સાયન્સ અને ડિપ્લોમાં પછીની ડિગ્રી આર્કિટેક્ચરમાં પ્રવેશ માટેની ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયામાં મેરીટ લિસ્ટ જાહેર કરાયુ છે. જેમાં 1 હજાર 128 વિદ્યાર્થીમાંથી 1 હજાર 64 વિદ્યાર્થીઓનો મેરીટ લિસ્ટમાં સમાવેશ કરાયો છે. મેરીટ લિસ્ટમાં નાટા આધારિત તથા જેઈઈ આધારિત 12 પાસ તેમજ ડિપ્લોમા પાસ રાજ્યના 800 અને રાજ્ય બહારના 264 વિદ્યાર્થીઓ છે. 20 કોલેજોની 1200થી વધુ બેઠકોમાંથી પ્રવેશ સમિતિએ ભરવાની થતી 722 બેઠકો માટે મોક રાઉન્ડ શરૂ કરાયો છે.**

---

# GMC BIOMINING - VC

ગાંધીનગર મહાનગરપાલિકાના સેક્ટર-૩૦ ડમ્પીંગ સાઈટ ખાતે એકત્રિત થયેલ અંદાજીત પાંચ લાખ મેટ્રિક ટન ઘન કચરાના નિકાલ માટે માર્ચ-૨૦૨૪થી ટ્રોમીલ મશીન દ્વારા બાયોમાઇનિંગની પ્રક્રિયાથી કાર્ય શરૂ કરવામાં આવી હતી. પ્રસ્તુત છે.

એક અહેવાલ

## (વોઇસ કાસ્ટ – કરણ મકવાણા)

ગાંધીનગર ખાતેની સાઇટ પરથી મે-૨૦૨૫ સુધીમાં અંદાજીત ચાર લાખ મેટ્રીક ટન ઘન કચરાનો આશરે ૧૫ આઈવા , ૭ એસ્કેવેટર જે.સી.બી , ૬ જે.સી.બી જેવા મોટા

વાહનોના ઉપયોગ દ્વારા યોગ્ય નિકાલ કરાયો છે બાયોમાઇનિંગ પ્રક્રિયાથી કચરામાંથી પ્રાપ્ત થતું રિફ્યુઝ્ડ ડિરાઇવ્ડ ફ્યુલ સિમેન્ટ ઇન્ડસ્ટ્રીઝમાં કો-પ્રોસેસિંગ બળતણ તરીકે ઘણું ઉપયોગી થઈ રહ્યું છે. જ્યારે આ પ્રક્રિયાથી ઉત્પન્ન થતાં ખાતરનો ફર્ટીલાઇઝર કંટ્રોલ ઓર્ડર પ્રમાણેની ગુણવત્તા મેળવી મહાનગરપાલિકાના બગીચાઓમાં ઉપયોગ કરાશે. તેમજ ગુણવત્તાસભર ખાતરનું વેચાણ પણ કરવામાં આવશે.

આ સાઈટની સફાઈ થયા બાદ તેમજ ફળદ્રુપ માટી તથા ખાતરના ઉપયોગથી આ જગ્યાએ  મિયાવાકી વનીકરણ પદ્ધતિ દ્વારા સ્થાનિક પ્રજાતિના રોપ જેવા કે પીપળ , વડ, ઉમરો, નગોડ, લીમડાના  એક લાખ કરતા પણ વધુ વૃક્ષોનું વાવેતર થશે.

**કરણ મકવાણા, આકાશવાણી સમાચાર અમદાવાદ**

---

# RASHTRIYA ANGDAN DIVAS

**આજે ત્રીજી ઑગસ્ટને રાષ્ટ્રીય અંગદાન દિવસ તરીકે મનાવાશે. અંગદાન ક્ષેત્રે અગ્રેસર ગુજરાતે અનેક સિદ્ધિ હાંસલ કરી છે. ગત સાત વર્ષમાં રાજ્યમાં 657 અંગદાતા તરફથી કુલ બે હજાર 39 અંગના દાન પ્રાપ્ત થયા છે. સાંભળીએ સમાચાર વિભાગથી પ્રવેશ અડિએચાનો અહેવાલ.**

## (V/C- PRAVESH ADIACHA)

**(.... રાજ્યમાં અંગદાનથી એક હજાર 130 કિડની, 566 યકૃત, 147 હૃદય, 136 ફેફસાં, 31 હાથ, 19 સ્વાદુપિંડ અને 10 નાના આંતરડા પ્રાપ્ત થયા છે , જેના થકી હજારો લોકોને નવજીવન મળ્યું છે. સરકારી હૉસ્પિટલ્સ ઉપરાંત સામાજિક સંસ્થાઓ અને માધ્યમો એ પણ જનજાગૃતિ અંગે મહત્વની ભૂમિકા ભજવી છે. તાજેતરમાં બીજી ઑગસ્ટે નવી દિલ્હી ખાતે કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાના હસ્તે**

ગુજરાતને અંગદાન અને પ્રત્યારોપણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ ત્રણ-ત્રણ પુરસ્કાર એનાયત કરાયા છે.)

**(પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ)**

---

## ANGDAN

રાષ્ટ્રીય અંગદાન દિવસ અગાઉ સિવિલ હોસ્પિટલમાં **202**મું અંગદાન થયુ હતું. આ અંગદાન દ્વારા હૃદય, એક લીવર, બે કીડની તેમજ બે આંખોનું દાન મળ્યું છે. અમદાવાદના સૈજપુર બોઘાના ધીરજભાઇ બ્રેઇનડેડ થતા પરિવારે અંગદાનનો નિર્ણય કર્યો હતો.જેને કારણે અન્યને નવજીવન મળ્યું છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષી એ આ અંગદાન બાબતે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે અંગદાનથી મળેલ એક લીવર અને બે કીડનીને સિવિલ મેડીસીટી કેમ્પસની જ કિડની હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે.

**બાઇટ- ડો. રાકેશ જોષી, સિવિલ સુપ્રિટેન્ડન્ટ, અમદવાદ**

---

## WEATHER

રાજ્યના તમામ જિલ્લામાં આગામી 6 દિવસ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. દરમિયાન આજે ઉત્તર , દક્ષિણ, મધ્ય અને સૌરાષ્ટ્ર-કચ્છમાં છૂટાછવાયા સ્થળ પર હળવા વરસાદની સંભાવના છે.

બીજી તરફ, માછીમારોને આગામી છ ઑગસ્ટ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. દરમિયાન રાજ્યમાં વરસાદનું જોર ઘટી રહ્યું છે. ગઈકાલે સાંજ સુધીમાં 48 તાલુકામાં વરસાદ થયો છે. સૌથી વધુ 1 ઇંચ વરસાદ મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકામાં થયાના અહેવાલ છે. આ સાથે જ ગત રાત્રીથી લઈ આજ સવાર સુધીમાં અમદાવાદ સહિત ઘણા વિસ્તારોમાં વરસાદ પડ્યો છે.

ભાવનગર જિલ્લામાં ચોમાસાના પ્રારંભથી અત્યાર સુધી એમ બે માસમાં કુલ 516 મી.મી. વરસાદ થયો છે. જિલ્લાના મુખ્ય 12 જળાશયોમાં અત્યાર સુધીમાં 448.16 મિલિયન ક્યુબિક મીટર પાણીનો સંગ્રહ થયો છે. ભાવનગર જિલ્લાનો શેત્રુંજી ડેમ ઓવરફ્લો થઈ ગયો છે.

---

# SURAT 108

સુરતમાં ચોમાસાની ઋતુમાં સાપ કરડવાના ઇમરજન્સી કેસોમાં વધારો થતો હોય છે, ત્યારે સુરત શહેર-જિલ્લામાં છેલ્લા બે મહિનામાં સર્પદંશનો ભોગ બનનાર 132 લોકોના 108 ઇમરજન્સી સેવાએ જીવ બચાવ્યા છે. જેમાં જૂન મહિનામાં 56 અને જુલાઈમાં 76 સર્પદંશના કેસ નોંધાયા હતા.

સર્પદંશના દર્દીઓને 108 વાનમાં રહેલ એન્ટીસ્નેક વેનમ અને હાઈડ્રો કોટ નામના ઇન્જેક્શન આપવામાં આવે છે, જેના કારણે સર્પદંશ થયેલા દર્દીનો જીવ બચાવી શકાય છે અને દર્દીને સુરક્ષિત રીતે હોસ્પિટલ ખસેડી વધુ સારવાર પૂરી પાડવામાં આવે છે.

---

# BK MELO MEETING

શક્તિ ભક્તિ અને પ્રકૃતિના ત્રિવેણી સંગમ એવા યાત્રાધામ અંબાજીમાં આગામી પહેલીથી સાતમી સપ્ટેમ્બર સુધી ભાદરવી પૂનમ મહામેળો યોજાનાર છે. મેળામાં આવનાર યાત્રાળુઓ માટે સુદ્રઢ અને ઉત્તમ વ્યવસ્થાઓ પૂરી પાડવા સુચારુ આયોજન માટે ગઇકાલે એક સમીક્ષા બેઠક યોજાઇ હતી.

બેઠકમાં જિલ્લા કક્ષાની કુલ ૨૮ સમિતિઓ દ્વારા કરવાની થતી કામગીરી અને આયોજન અંગે વિગતો સાથે ચર્ચા કરાઈ હતી. તમામ વિભાગો વચ્ચે જરૂરી સંકલન, આકસ્મિક સમયમાં કંટ્રોલ રૂમ સાથે તાત્કાલિક જોડાણ જેવી બાબતો વિશે ચર્ચા કરાઈ હતી.

---